

## સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*અહં, સ્વાર્થ અને સત્તામાં તો મોટા નામી છે,*
*'હું' પદ, મમત ને સ્વભાવની જ ખામી છે!*
*પામી શુભેચ્છા છાની, યશોદાની, માતૃભક્તે -*
*બાકી 'બોલવામાં' તો ખોટા 'શબ્દ'ના સ્વામી છે!*
*(અમેરિકી સાંસદોનું 'સ્ટેન્ડીંગ' સન્માન)*

હાઈકુ

*થાય પ્રસ્વેદ!*
*એસી ચેમ્બર બ્હાર -*
*મૂલ્યાંકનથી...*
*(અજય ભાદુનો પરાજય)*

*ઓલવે આગ!*
*પ્રજાના વિરોધની -*
*ફાયર બ્રિગેડ!!*
*(બંદોબસ્તમાં વ્યસ્ત)*

### ચિંતન

**જ્ઞાની કો જ્ઞાની મિલે, રસકી લૂટમ લૂટ,**
**જ્ઞાની અજ્ઞાની સે મિલે, હૌવે માથાકૂટ**

ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરામાં વાદ-વિવાદ દ્વારા સત્ય સ્થાપિત કરવાનું અનેરું મહત્ત્વ રહેલું છે. શંકરાચાર્યે અદ્વેત વૈદાંત મતનો પ્રચાર-પ્રસાર કરવા અનેક જગ્યાએ શાસ્ત્રાર્થ કરી પોતાની મેધાવી શક્તિને પોતાના મતનો પ્રતિવાદી પાસે સ્વીકાર કરાવ્યો હતો. અહીં કબીર જ્ઞાનમાં રહેલી સત્યની એકતા પર ભાર મૂકે છે. જે જ્ઞાની છે, તત્વ પામ્યા છે, જેની પ્રજ્ઞા સ્થિર થઈ છે. તેનું વર્તન સહજ હોય છે. બે જ્ઞાની મળે તો વિચારોના સામ્યને કારણે આદરભાવ સાથે સારી વાર્તા થાય છે. જે અજ્ઞાની વર્તે છે તેવી વ્યક્તિને જ્ઞાની મળે તો અર્થહીન વાદવિવાદ થાય છે. જીંદગીમાં આવી માથાકૂટ તો દરેક ઘરમાં, ઓફિસમાં અને અનેક જગ્યાએ થાય છે. આનાથી બચવા માટે જિજ્ઞાસુ અને પાત્ર વ્યક્તિ સાથે જ ચર્ચા કરવી. નિરર્થક દલીલોથી કોઈને લાભ થતો નથી એવો આપણા સૌનો અનુભવ છે.

### સુવિચાર

- મને અજ્ઞાનનું સુખ બિલકુલ મંજૂર નથી, મારે જ્ઞાનનું દુઃખ જોઈએ છે - **તોલ્સ્તોય**
- તમારા સાચા મિત્રો એ જ છે કે જેઓ તમને જેલખાનું હોય કે દવાખાનું તમને વિના સંકોચે મળવા આવે છે - **મોરોક્કન કહેવત**
- દરેક રોગીનો દાક્તર તેના મનમાં પડેલો છે. દરેક માણસના મનમાં તેનો પોતાનો અંગત તબીબ છે - **ડો. આલ્બર્ટ સ્વાઈત્ઝર**
- માણસની જિંદગી સમય અને સંસાર સાથેનો લાંબ કજિયો છે, આ ઝઘડો તો છે પણ તેને પ્રેમનો ઝઘડો બનાવીને જીવ્યા વિના છૂટકો પણ નથી - **શાહબુદ્દિન રાઠોડ**
- જે જિંદગીથી ડરી ડરીને ચાલે છે, જિંદગી તેને ડરાવે છે, જે જિંદગીથી અચાનકતાથી ગભરાઈ જવાની ના પાડે છે તેનું જિંદગી તો શું બીજું કોઈ કાંઈ બગાડી શકતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : દહીંમાં લીમડાનાં પાન પીસી ખરજવાની જગ્યાએ લેફ કરવાથી રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

જ્ઞાનનો જન્મ અજ્ઞાનમાંથી થાય છે અર્થાત જો અજ્ઞાન હોય તો - જ્ઞાન જન્મે અને 'અજ્ઞાન' હતું એનું ભાન-જ્ઞાન થાય છે. અંધકાર હોય પછી પ્રકાશનું મહત્ત્વ સમજાય છે. જેને ખરાબનો બોધ હોય તેને સારું શું છે કે સારું શું હતું તેની સમજ પડે છે.

એક વિશાળ તપોવનમાં આશ્રમમાં મહર્ષિ પરિવાર સાથે રહેતા હતા. એ આશ્રમમાં અનેક શિષઅયો દરેક પ્રકારનું સાત્ત્વિક જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. શિષ્યો 'જ્ઞાન' ની સાચી સમજ લઈ દિક્ષા લઈ પ્રસ્થાન કરતા.

આ મહર્ષિનો એકનો એક યુવાન પુત્ર સર્પદંશથી અચાનક મૃત્યુ પામ્યો. ગુરુજીને ખૂબ આઘાત લાગ્યો - કેમેય કરી વિલાપ શાંત થતો ન હતો. આપ તો 'આત્મા' વિશે ખૂબ જ્ઞાન સંપન્ન છો છતાં આટલું બધું દુઃખ કેમ? ગુરુજી કહે : 'બેટા! દુઃખમાંથી જ સુખ જન્મે છે માટે જ ઉપનિષદ દુઃખ અને સુખ બંનેથી પર થવા કહે છે. તે 'મહાત્મા' જ કરી શકે છે.

# જીવો અને જીવવા દો

બિહારના મોકામા જિલ્લામાં ઊભા પાક ભેળાવતાં નીલ ગાયોનાં ટોળા પાછળ હૈદરાબાદથી ખાસ બોલાવાયેલા શાર્પશૂટરો ધડાધડ નિશાન લઈ રહ્યા છે. બે જ દિવસમાં એમણે બસો પચાસથી વધુ નીલગાયો મારી નાખી છે, જેના માટે એમને સરકાર તરફથી તગડું વેતન ચૂકવાયું છે.આ ઘટનાથી હચમચી ઊઠેલાં કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધીએ પુણ્યપ્રકોપ ઠાલવ્ય છે અને કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પર તીખા પ્રહારો કર્યા છે. એમણે બહુ જ વેદનાસભર નિવેદન કરીને આવી ક્રૂર પ્રાણી હિંસા સામે લાલબત્તી ધરી છે. આઝાદી પછી આટલી ક્રૂતરા અન્ય કોઈ સરકારે નહીં દાખવી હોવાનું જણાવી એમને આંકડાઓ સાથે માહિતી રજૂ કરીને વર્તમાન મોદી સરકારના પર્યાવરણમંત્રી બેફામ પ્રાણી હિંસા કરાવવાની હવસ સંતોષી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. પશ્ચિમ બંગાળમાં પ્રર્યાવરણ મંત્રાલયે હાથીઓનો સફાયો કરાવ્યો, ગોવામાં રાષ્ટ્રીય પક્ષી મોરને મારી નાખવાનો આદેશ અપાયો, દેશમાં જેટલી નીલગાયો નજરે પડે તે બધીને ઠાર મારવાનો હુકમ કર્યા. હિમાચલ પ્રદેશમાં વાંદરાઓનું નિકંદન કાઢ્યું, મહારાષ્ટ્રમાં સુવર માર્યા - કોણ જાણે આ મંત્રાલયને પ્રાણી હિંસાનો ક્રૂર આનંદ કેમ ખપે છે! જીવ માત્ર પ્રત્યે અનુકંપા ધરાવતી ભારતીય સંસ્કૃતિ તો 'જીવો અને જીવવા દો'ના સિદ્ધાંતને અનુસરે. એથી તદ્દન વિરુદ્ધ ભૌતિકવાદી પાશ્ચાત્ય સંસ્કૃતિનું આવું શરમજનક આક્રમણ અને તે પણ ધર્મની ધજા લઈને ફરનારા ભાજપના રાજમાં! મેનકા ગાંધીની આગવી ઓળખ એક સંવેદનશીલ પર્યાવરણવિદ્ તરીકે સ્થાપિત થયેલી છે. ટીવી ચેનલ્સલ પર પ્રાણીઓ સાથે થતાં ક્રૂર વ્યવહાર સામે જનજાગૃતિ ફેલાવતી 'હેડ એન્ડ ટેલ્સ' જેવી શ્રેણી

### તંત્રીસ્થાનેથી...

ચલાવીને તેઓએ દુનિયામાં અનોખાં પ્રાણીપ્રેમી તરીકેની ખ્યાતિ અર્જિત કરેલી છે. પ્રકાશ જાવડેકર એમના આક્રોશ સામે ઝંખવાતા પડી ગયા છે અને પોતે ફક્ત રાજયોની માંગણી અનુસાર ખેતીને નુકશાન પહોંચાડનારા પ્રાણીઓના શિકારની મર્યાદિત સમય માટે અને મર્યાદિત વિસ્તારો પૂરતી જ મંજૂરી આપતા હોવાનો ખુલાસો કર્યો છે. જો કે જેમણે ટીવી ચેનલ્સ પર જીવ બચાવવવા ભાગતાં નીલગાયોનાં ટોળા પર આડેધડ ક્રૂરતા પૂર્વક ગોળીઓ છોડતા શિકારીઓને જોયા હશે, એમને જરૂર એ અબોલ જીવો પ્રત્યે કરુણા ઊપજી હશે. હવે મેનકા ગાંધી કહે છે તેમ દેશનાં વિવિધ ભાગોમાં ગેરકાયદેસર શિકાર કરતા શાર્પશૂટરોને હાયર કરવા તે પણ એક વિડંબના જ ગણાય. ઊભા પાકને સોથ વાળી દેતાં નીલગાયોનાં ટોળાને જરુર પડ્યે મારી નાખવાનો અધિકાર ગ્રામચંયાતના સરપંચને અપાતો હોય છે. આ ક્રૂર નીલગાય સંહારમાં કોઈ સરપંચે કે ખેડૂતોને શિકારીઓ બોલાવવાની માગણી કરી નથી. મેનકા ગાંધીની આ રજૂઆત સરકારને ભલે કઠે, પ્રજામત પર એની વિપરીત અસર પણ પડી શકે; પરંતુ માનવતાની દષ્ટિએ એમનો પુણ્યપ્રકોપ વાજબી છે. ગુજરાતમાં પણ નીલગાયો મોટી સંખ્યામાં છે અને ખેતીમાં ભારે ભેલાણ કરતી રહે છે. પરંતુ ગુજરાતના વન-પર્યાવરણ મંત્રીના આદેશ છતાં કોઈ ખેડૂત આવા 'પાપ' કરવાનું પસંદ કરતો નથી. મંગુભાઈ પટેલે 'નીલગાય' માં 'ગાય' શબ્દ આવતો હોવાથી લોકો પાપગ્રંથિ અનુભવતા હોવાનું કહી એમને 'રોઝડાં' કહી ઠાર મારવાની વાત કરી હતી, તે પણ ગુજરાતની સંસ્કારી, જીવદયામાં માનતી પ્રજાને કઠી હતી. મેનકા ગાંધીએ પર્યાવરણ મંત્રાલય પોતે જ જંગલોમાં આગ સળગાવતું હોવાનો પણ આક્ષેપ કર્યો છે. જો જંગલો સલામત રહે તો વન્ય પ્રાણીઓ ખેડૂતોના ઊભા પાક સોમ નજર પણ શું કામ કરે? પ્રશ્ન માનવીની ભૌતિક સંપદા માટે બધું જ ઓહિયાં કરી જવાની હવસનો છે!

# બાપુનો સવાલ - હું તલવાર ચલાવવા કહું તો તમે ચલાવશો?

ખાન અબ્દુલ ગફારખાન એટલે સરહદના ગાંધી. જીવનપર્યંત ખાન સાહેબ ગાંધીના રંગે રંગાયેલા રહ્યા અને ગાંધીએ સુચવાલે કાર્યો મુજબ જ તેમના સમાજને દોરવણી આપતા રહ્યા. એ જે સમાજમાં જન્મ્યા હતા એવા સરહદી પ્રાંતના પખ્તુન પઠાણો વિશે 'ભારત - એક વિહંગાવલોકન'નામના પુસ્તકમાં લોર્ડ રોનલ્ડરો બે પ્રકરણો ભરીને લખ્યું. વાયવ્ય સરહદી પ્રાંતના આ પઠાણો એની દગાખોરી અને ઠંડે કલેજે ખૂન કરવાની પ્રવૃત્તિ ધરાવતા હોવાનું વર્ણન આ પ્રકરણમાં છે. તો આવી ઘણી ન ગમતી ખાસિયતો છતાં એ વિરોધાભાસનો પૂળો આ પઠાણોમાં છે. દગો દેવાની પૂરી વૃત્તિ છતાં 'આતિથ્યના નિયમોનું કદી ઉલ્લંઘન ન કરાય' એમ આ પ્રજા માનતી હતી. જો કટ્ટરમાં કટ્ટર દુશ્મન પણ તેમના ઘરે પરોણો થઈ રહે તો આ પઠાણોનો જીવ પવિત્ર બની જાય. સહજ એવી તેઓની દગાખોરી એ 'અણમોલ' આતિથ્ય સંસ્કારની આશ્ચર્ય પમાડે એવી આ પ્રજાને અહિંસક બનાવવામાં ખાન અબ્દુલ ગફાર ખાને મસમોટું કામ કર્યુ હતું. હિંસામાંથી અહિંસા સ્વીકારના આ પઠાણોએ અંગ્રેજોના આત્યંતિક અત્યાચાર સહન મૂંગા મોં એ સહન કરીને અહિંસાનું વ્રત પોતાનામાં ટકાવી રાખ્યું હતું.

૧૯૩૬ની એક સવારે આ પઠાણ કોમના કેટલાક પ્રમુખ પઠાણોને ગાંધીજી મળ્યા હતા. બાપુએ આ લોકોને કહ્યું કે તમારી અહિંસાની પરીક્ષા કરવાને માટે મારે આવવું હતું, પણ ન આવી શકાયું. પણ હવે તમે અહીં આવ્યા છો, એટલે તમને જ પૂછું કે ખાન અબ્દુલ ગફારખાન કહે છે તેમ તમે અહિંસામાં માનનારા છો કે?

આ સવાલની સામે એ લોકો તુરત તેમના ઉપર વીતેલી સંભળાવવા લાગ્યા - કોઈને જમીન ઉપર પછાડેલા કોઈને પાણીમાં ડુબાડેલા વગેરે... બાપુ કહે, 'એ તો હું જાણું છું. પણ મારો સવાલ જુદો છે. આજે તો આપણી પાસે હથિયાર નથી પર ધારો કે આપણા હાથમાં તલવાર આવે, આપણી મારવાની શક્તિ હોય તો પણ તમે તલવાર ન ઉગામો કે ?'

## અહિંસા પણ પવિત્ર કલમા જેવી સિદ્ધાંતની વસ્તુ હોવી જોઈએ

આ સવાલથી મૂંઝાઈ ગયેલા પઠાણોમાં અગ્રણી એવા ઓબેદુલ્લા ખાન કહે, 'કોંગ્રેસ જૈસા કહે વૈસા હમ કરેંગે. હમ તો કોંગ્રેસ કે હુકમ કે પાબંદ હૈ.'

બાપુ કહે, 'વારું, ધારો કે કોંગ્રેસ ઠરાવ કરે કે અહિંસા છોડી દેવી અને તલવાર પકડવી તો ?'

તુરત જવાબ આવ્યો, હા. તો તો તલવાર ચલાવીએ. આ સાંભળીને ગાંધીજી હસ્યા, ઠીક કહ્યું, અને આગળ વાત કરતાં કહ્યું, 'હવે હું તમને કહું છું, કે પેલો તમારો નેતા જે જેલમાં બેઠો છે (ખાન અબ્દુલ ગફારખાન) એ તો કોંગ્રેસ કહે તો પણ હથિયાર ન લે. એટલે અંશે અહિંસા એના હાડમાં વ્યાપેલી છે.'



### ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

આ સાંભળીને પેલા પખ્તુન પઠાણોએ કહ્યું, 'તો તો અમે પણ તેમ કરીએ.' પણ એક તરફ આ અભણ - અબૂધ એવા પઠાણોને બીજી બાજુ બેરિસ્ટર ગાંદી. તરત સવાલ થયો બાપુનો. અને ધારો કે અબ્દુલ ગફારખાં અને હું પાગલ બની જઈએ અને અમે કહીએ હથિયાર ચલાવો તો ?

પ્રશ્નોને એના જવાબોમાંથી પ્રતિ પ્રશ્નની ઝડી વરસાવતા બાપુને આ પ્રશ્નનો જવાબ ન મળ્યો. પણ બાપુએ જ પ્રશ્નો પૂછવા પાછળના તર્કનો તાર સાંધતા કહ્યું : ગફારખાં અને હું બંને કહીએ તો પણ હથિયાર ન ચલાવો ત્યારે તમારી હિંસાની ખરી કસોટી. તમને કોઈ કહે કે અબ્દુલ ગફાર ખાને કલમો પઢવાનો છોડી દીધો છે તો તમે છોડો કે ?

પચ્ચીસે પચ્ચીસ પઠાણોએ એક સૂરે જવાબમાં નકાર ભણ્યો.

મહાત્મા ગાંધી કહે છે આજ રીતે અહિંસા પણ કલમા જેવી સિદ્ધાંતની વસ્તુ હોવી જોઈએ કે જેનો ત્યાગ જ ન થઈ શકે. જો એમ થાય તો હું તમને કહું છું કે ફ્રંટિયર મારફતે હિંદુસ્તાનને સ્વરાજ મળે.

સંદર્ભ : અહિંસાની ખરી કસોટી, મહાદેવભાઈ ડાયરી, પુસ્તક એકવીસમું, પૃ.૧૯

**(લેખક : ગુજરાત કોલેજ અમદાવાદ ખાતે સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપક છે.)**

# માનવ સ્વભાવનું મહાકાવ્ય

**ગતાંકથી....**


આપણે ગુણવંત શાહ કૃત મહાભારત માનવ સ્વભાવનું મહાકાવ્યની વાત કરી રહયા છીએ.કૃષ્ણની એક ખૂબી મને ગમી ગઈ છે. એ કદી કયારેય કોઈથી છેતરાયા નથી. બધા મનુષ્યોને છેતરી શકાય, પરંતુ કૃષ્ણને છેતરી ન શકાય. જરા વિચાર તો કરો. જે મહામાનવ જન્મ ધારણ કર્યા પછીના પ્રથમ કલાકમાં મથુરાની કેદ વટાવી પિતા વાસુદેવના ટોપલામાં શયન કરતો રહીને રાતોરાત યમુના પાર કરીને ગોકુળમાં યશોદાની ગોદમાં પહોંચે, તેને જગતની દુષ્ટ શકિતઓથી પરાભવ પામવાનું કેમ પાલવે? ગોકુળમાં મોટા થનારા કનૈયાને જોખમમાં જ જીવવું પડયું! કંસના અસુરો એક પછી એક ગોકુળ ગયા પરંતુ ગોપાલકૃષ્ણ દ્વારા હાર પામ્યા અને મર્યા ! આવું કઠણ જીવન હોય અને આવું જોખમ રોજનું હોય ત્યારે મધુરાધિપતિમાંથી મથુરાધિપતિ અને પછી દ્વારકાધિપતિ બનેલા રાજેશ્વર કૃષ્ણને કોણ છેતરી શકે ?

(લેખાંક-૨)



### અદબ-પલાંઠી મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

સદીઓ વીતી તોય દુર્દશા કાયમ છે. સદીઓ વીતી તોય સ્ત્રીયોને નિર્ભયતા પ્રાપ્ત નથી થઈ. સદીઓ વીતી તોય મુનષ્યો કયારેક કીડી મંકોડાની માફક મરે છે. તફાવત એટલો જ કે જે આખરી ચીસ તીરની અણી છાતીમાં પેસી જાય ત્યારે કાને પડતી હતી તે હવે બંદુકની ગોળી પેસી જાય ત્યારે સંભળાય છે, પરંતુ ચીસ તો કાયમ છે!




મહાભારતનો મર્મ કૃષ્ણના જીવનદર્શનમાં પ્રગટ થતો રહયો છે, જેના ચાર અત્યંત મહત્ત્વના સ્તંભ આ પ્રમાણે છે :

૧. કાયરની અહિંસા કૃષ્ણને માન્ય નથી.

૨. નિર્માલ્ય સૌજન્ય કૃષ્ણને માન્ય નથી.

૩. પૃથ્વી પર ઊગેલું માનવીય સત્ય આખરી નથી હોતું.

૪. મન્યુ વિનાનો નિસ્તેજ ધર્મ કૃષ્ણને માન્ય નથી. (પાન નં.૧૧)

મહાભારતના યુધ્ધમાં જે હિંસા થઈ તેનાં મૂળિયાં રાગ-દ્વેષના નાના મોટા એવા ઠેર ઠેર પ્રસરી ગયેલા દુર્ગંધયુકત ખાળકૂવામાં સંતાયેલા હતાં. સમાજમાં જે અપ્રગટ હતું, તે જ કુરુક્ષેત્રના મેદાનમાં પ્રગટ થયું ! ભગવદ્ગીતા કેવળ ભારતની કે હિંદુઓની ધરોહર નથી, એ સમગ્ર વિશ્વની માર્ગદર્શિકા છે. ગુણવંત શાહ કૃત મહાભારત- માં કુલ નવ ખંડો છે. જેમાં મુખ્યત્વે સ્વભાવે જાય છે.

**ભીષ્મ : પ્રતિજ્ઞાથી પ્રતીતિ સુધી.**
**ધૃતરાષ્ટ્ર -ગાંધારી : પાપી તોય પુત્ર અમારો,**
**દુર્યોધન : આસુરી સંપત્તિનો વંઠેલો વારસદાર,**
**દ્રૌપદી : તેજસ્વિની-ઓજસ્વિની-મનસ્વિની ગુણસુંદરી,**
**કર્ણ : રુઆબદાર અને વફાદાર મૈત્રીનો મહારથી,**
**અર્જુન : પાર્થ છે અપૂર્ણ, પૂર્ણ છે પાર્થ સારથિ,**
**યુધિષ્ઠિર : મન્યુ વિનાનો ક્ષાત્રધર્મ મંદપ્રાણ,**
**કૃષ્ણ : શાશ્વત લીલા પુરુષોત્તમ....** વગેરે મુખ્ય પ્રકરણો છે.

દરેક પ્રકરણ પોતાની આભા લઈને આવે છે. તેમજ સ્વતંત્ર રીતે વાંચવાની ખૂબ જ મજા આવે છે. ગ્રંથની વિશેષતા વધારતા લેખકે પાત્રોની સરખામણી કરીને વાચકને વિચારતો કર્યો છે. ઉદા. તરીકે સીતા-દ્રૌપદી વગેરેના કર્મોને અને સિધ્ધાંતોને તર્કસંગત રીતે એકબીજા સામે મૂકીને વાચકને વિચારતો કર્યો છે. ગ્રંથમાંથી પસાર થતા વાચક પોતાનો અભિપ્રાય પણ મૂકી શકે છે. લેખકનું અર્થઘટન ભાવકને ભીંજવે છે અને મોજમાં લાવે છે. ગ્રંથની વિશેષતા એ રહી છે કે પાને પાને ફૂલડાં વેર્યા હોય એમ સંદર્ભો મૂકેલાં છે.

મહાભારત ગ્રંથને પાને પાને મૂકેલાં મોતી સ્વરૂપ સંદર્ભો લેખકની શૈલીને વધુ ધારદાર અને વાચકને જુગુપ્સા પ્રેરે છે. હરમાનહેસના શબ્દોને ટાંકતા લેખક લખે છે - '' માણસ એકલો છે, એકલવાયો છે. સમાજ એને વધુ એકલવાયો બનાવે છે. માણસમાં સહન કરવાની શકિત હોવી જોઈએ અને યાતના જ એને માનવીય ગૌરવ આપે છે.''

આ મહાકાવ્યમાં સત્ય-અસત્ય, અહિંસા-હિંસા, કરુણા-ક્રૂરતા, ઔચિત્ય-અનૌચિત્ય જેવી પરસ્પર વિરોધી બાબતો સતત અડખે પડખે રમતી -ભમતી જોવા મળે છે. આવી વિરાટ જીવનલીલા ચાલતી રહે ત્યારે કૃષ્ણ 'લીલાપુરુષોત્તમ' તરીકે બધી ઘટનાઓમાં પરોવાયેલા હોવા છતાં અલિપ્ત હોય એ રીતે સાક્ષી ભાવે બધું નિહાળતા રહે છે. જગત દ્વંદ્વોનું બનેલું છે, પરંતુ કૃષ્ણ દ્વંદ્વાતીત છે. જગતમાં ત્રિગુણમયી માયાનું સામ્રાજય તપે છે. પરંતુ કૃષ્ણ ગુણાતીત છે. કૃષ્ણના યુગાવતારનો એજન્ડા સ્પષ્ટ છે.

**૧. ધર્મની ગ્લાનિ દૂર કરવાની છે.**
**૨. દુર્જનોનો વિનાશ કરવાનો છે.**
**૩. સાધુઓનું પરિત્રાણ કરવાનું છે.**
**૪. ધર્મની સંસ્થાપના કરવાની છે.**

મહાભારતનું ગુરુત્વમધ્યબિંદુ ધર્મ છે. વિશ્વમાં જેટલો વ્યાપ જીવનનો છે એટલો જ વ્યાપ ધર્મનો છે. ધર્મ વ્યકિતગત અને સામાજિક જીવનનું એવું તત્વ છે, જે સક્રિય છે અને વળી ગતિશીલ છે.

**મિસરી**

દુર્યોધન મરે છે, પરંતુ દુર્યોધનત્વ મરતું નથી.

**- (મહાભારત-માનવ સ્વભાવનું મહાકાવ્ય પાન નં. ૧૭૩)**

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એકદિનની વાર્તા શિબિર આયોજન

**ગાંધીનગર સાહિત્યસભા વૃત્ત**

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યનો ચોગરદમ મઘમઘતુ અને મહેંકતુ રાખવા યોજાતા સાહિત્યિક કાર્યક્રમો પૈકીના કાર્યક્રમ 'સર્જકની કૅફિયત' અંતર્ગત; સાહિત્ય સભાના સભ્ય, ગુજરાત રાજય માર્ગવાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) ના નાણાકીય સલાહકાર અને કવિ વિજયસિંહ ચાવડાના કાવ્યોનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ, પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને તા. ૧૨-૬-૨૦૧૬ને રવિવારના રોજ, સાંજના ૫.૩૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે, તો કવિશ્રીની કવિતાઓને તેમની આગવી સૈલી અને અનોખી વાણીમાં માણવા અચૂક પધારવા; નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો તથા ગાંધીનગર સાહિત્યસભાના સર્વે માનવંતા સભ્યોને જાહેર હાર્દિક નિમંત્રણ છે.

**વૃત્તસંચય**

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આગમી તા.૨૬.૬.૨૦૧૬ના રોજ એકદિનની વાર્તા શિબિર, નવજીવન પ્રેસ, અમદાવાદ ખાતે યોજવામાં આવનાર છે, જેમાં અકાદમીના સંકલનથી જાણીતા વાર્તાકાર રજનીકુમાર પંડ્યાના સૂત્ર સંચાલન ડૉ. મોહન પરમારના વકતવ્ય અને લતા હિરાણીના સંકલનથી આ વાર્તા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. નવજીવન પ્રેમના કર્મા કાફે પરિસરમાં સવારે ૯.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી યોજનાર આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છુઓ અકાદમી ખાતે સંપર્ક નં. (૦૭૯) ૨૩૨૫૬૭૯૭/૯૮ અથવા રજનીકુમાર પંડ્યા સંપર્ક નં. ૯૮૯૮૦૧૫૫૪૫ અથવા લતા હિરાણી સંપર્ક નં. ૯૭૭૮૪૮૮૫૫ ઉપર નામ નોંધવવામાં રહેશે.



ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા, ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ માધવ રામાનુજને વર્ષ ૨૦૧૬નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર અર્પણ કાર્યક્રમ તાજેતરમાં ભાઈકાકા હોલ લૉ ગાર્ડન, અમદાવાદ ખાતે, સાંસ્કૃતિક મંત્રી નાનુભાઈ વાનાણીની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. જેમાં અકાદમીના અધ્યક્ષ, સાહિત્યરસિકો અને સાક્ષરોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

● ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્યલેખક વિનોદ ભટ્ટને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિક-૨૦૧૬' અર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો; જેમાં શિક્ષણમંત્રી ચુડાસમાના વરદ્ હસ્તે આ પારિતોષિક, માન મંત્રી નાનુભાઈ વાનાણી, પદ્મશ્રી ગુણવંત શાહ તથા હાસ્યલેખક રતિલાલ બોરીસાગરની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદાન કરવામાં આવ્યું.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ, જામનગરના સંયુક્ત ઉપક્રમે જામનગર ખાતે ગુજરાતી ભાષાના જાણીતા કવિ ગઝલકાર રાજેન્દ્ર શુક્લની વિશેષ ઉપસ્થિતિમાં એક કવિ સંમેલન યોજાઈ ગયું; જેમાં કવિ રાજેન્દ્ર શુક્લ, હરકિશન જોશી, મહેશ જોશી, ભાસ્કર ભટ્ટ, યાવર કાદરી, ડૉ. સતીશચંદ્ર વ્યાસ, દીપક ત્રિવેદી, મનસુખ લાખાણી, દિનેશ માવલ, મનોજ જોશી 'મન' પ્રવિણ ટાંક, પ્રો. મનોજ જોશી, દિનેશ ડાંગરે, ભરત ચતવાણી, બિપિન પંડ્યા 'ચિહ્ન, ડૉ. કેતન કારિયા, આદિત્ય જામનગરી વિગેરેએ પોતાની કવિતાઓ રજૂ કરી હતી અને ધારાશાસ્ત્રી ભરતભાઈ સુખડિયા, હિતેનભાઈ ભટ્ટ, જામનગર ભવન્સ કેન્દ્રના વિરેન્દ્ર દોશી, શિક્ષણવિદ્ જયેશભાઈ વાઘેલા, મીડિયા પાર્ટનગર 'નોબત'ના તંત્રી પ્રદીપભાઈ માધવાણી, કવિશ્રી રાજેન્દ્ર શુક્લ અને કનૈયાલાલ ભટ્ટની વિશેષ ઉપસ્થિત રહી હતી.'



### સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

સાહિત્ય મીમાંસક, દાર્શનિક ગદ્યકાર આનંદશંકર બાપુભાઈ ધ્રુવની ૭૫મી પુણ્યતિથિ નિમિત્તે, મર્મજ્ઞ કોમ્યુનિકેશન દ્વારા 'પ્રશિષ્ઠ સાહિતયના મર્મજ્ઞ સારસ્વત' સાહિત્યિક વ્યાખ્યાન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સાહિત્યિકાર શ્રી ચંદ્રકાન્ત શેઠે આનંદશંકરની સારસ્વત પ્રતિભા વિશે; હેમંત દવેએ 'આનંદ શંકરની વિવેચના' વિશે અને વિજય પંડ્યાએ 'આનંદશંકર : જાગ્રત ચિંતક' વિષે વકતવ્યો આપ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' એ કર્યું હતું.

● ગોરર્ધન સ્મૃતિ મંદિર સભાગૃહ, અમદાવાદ ખાતે; નવોન્મેષ કવિશ્રી સ્વ, રાહુલ જોશીના કાવ્યસંગ્રહ 'મધ્યાહને સૂર્યાસ્ત' નું વિમોચન તેમની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે, ધીરુ પરીખ અને કવિ ચીનુ મોદીના વરદ્ હસ્તે કરાવામાં આવ્યું હતું. જેમાં કૃષ્ણકાન્ત ઉનકટની અતિથિવિશેષ તરીકેની ઉપસ્થિતિમાં ચીનુ મોદીએ ઉદ્બોધન કર્યુ હતું. સ્વ. રાહુલ જોષીના કાવ્યોનું પઠન કવિ જીતેન્દ્ર જોશીએ કર્યુ હતું અને સ્વ. જોષીના પત્ની નેહા જોષીએ આવકાર તેમજ આભારવિધિ કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું.

**- muljibhaidadhi@gmail.com**